SAMVAD E-JOURNAL
ISSN : 2583-8334
(International Peer-Reviewed Refereed Journal)
Volume 3, Issue-1, Special Issue-January: 2025
Published by Rangmati Publication http://www.rangmatipublication.com/

# 49. ઉત્તર ગુજરાતના લોકસંપાદકો

*અસારી પિનલકુમાર કાંતિલાલ*

**પ્રસ્તાવના/પરિચય:**

"ઉત્તર ગુજરાતના લોક સંપાદકો" વિષય પર લખતી વખતે, આપણે લોકસમાજના એવા મહાન પુરુષો અને મહિલાઓની જીવનયાત્રાનો અન્વેષણ કરી રહ્યા છીએ જેમણે પોતાના કાર્ય, વિચારધારા અને આદરણીય જીવનથી સમાજને ગાઢ અસર પહોંચાડી છે. ઊંચા એજ્યુકેશન, પરંપરા અને ઔદ્યોગિક વિકાસના નૈતિક માપદંડની વચ્ચે ઉત્તર ગુજરાતમાં એક અનોખી સંસ્કૃતિ અને લોકપ્રિયતા જાળવી છે, જે ખાસ કરીને આ વિસ્તારના લોક સંપાદકો દ્વારા પ્રેરિત રહી છે.

આ ક્ષેત્રના લોક સંપાદકોએ લોકકલા, લોકગીત, કાવ્ય, નાટક, લોકભાષા અને સાહિત્યના વિવિધ પાસાઓમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે. લોક સંપાદક એ માત્ર લેખક કે કવિ જ નથી, પરંતુ તેઓ સામાજિક અને સાંસ્કૃતિક સંચાલક તરીકે પણ ઓળખાય છે. તેમણે પોતાની રચનાઓ, લેખો, આલેખો અને વિચારો દ્વારા લોકોમાં જાગૃતિ અને બદલાવ લાવવાનો પ્રયાસ કર્યો છે.

ઉત્તર ગુજરાતમાં ગુજરાતની પરંપરાગત ભાષા અને સંસ્કૃતિનું આગવું સ્થાન છે. આ વિસ્તારના લોક સંપાદકોએ વિવિધ લોકચિંતન અને પરંપરાને સજીવ રાખ્યા છે. તેમના કાર્યો પ્રાચીન સંસ્કૃતિના અનુભવો અને સમાજનાં નાણાકીય, સાંસ્કૃતિક અને સામાજિક પરિસ્થિતિઓ પર પ્રકાશ પાડે છે. તેમના કાર્ય અને વિચારધારાએ લોકોના જીવનને ઘૂમાવ આપ્યો છે, તેમના જીવનને માટે માર્ગદર્શક તરીકે કાર્યો કર્યા છે.

આ વિષય પર થયેલા કાર્યમાં, લોકોના મહત્વના લેખકો અને રચનાકારની ઓળખ છુપાવવી ખૂબ જ અગત્યનું છે. "ઉત્તર ગુજરાતના લોક સંપાદકો" વિષય પર કરવામાં આવતી તપાસથી લોકોના આદેશોની, તેમના વિચારોની અને સમાજનાં દરેક ક્ષેત્રમાં સાંસ્કૃતિક પરિવર્તન માટે શું યોગદાન અપાયું છે તે અંગે વધુ પ્રકાશ પાડવામાં આવશે.

**(૧) ભગવાનદાસ પટેલ:**

ભગવાનદાસ પટેલનો જન્મ જામળા (તા. હિંમતનગર, જિ. સાબરકાંઠા) ગામમાં તા.૧૯-૦૧-૧૯૪૩ ના રોજ થયો હતો. તેમનું મૂળ નામ ભગવાનદાસ કુબેરદાસ પટેલ. તેમણે એમ. એ., એમ.ફિલ. અને પીએચ. ડી. સુધીનો અભ્યાસ કર્યો છે. તેમણે ડુંગરી ભીલ આદિવાસીઓને કેન્દ્રમાં રાખીને ચાલીસ જેટલા સંપાદનો આપ્યા છે, જે નીચે પ્રમાણે છે:

❖ **લોકગીત વિષયક:**

**(૧)** 'લીલા મોરિયા' (૧૯૮૩) , (૨) 'ફૂલરાની લાડી' (૧૯૮૩), (3)'ભીલોના હગ અને વતામણાં' (૧૯૯૫) (૪) 'ભીલોના હોળી ગીતો' (૧૯૯૫)

**લોક કથા-પુરકકથા વિષયક:**

(૫) 'અરવલ્લી પહાડની આસ્થા' (૧૯૮૪), (૬)'ડુંગરી ભીલોના દેવિયાવાળાના અરેલા : નવ 'લાખ દેવીઓ અને કરમીરો' (૧૯૮૯)
(૭) 'કોબરિયા ઠાકોરની વારતા' (૨૦૦૫) (૮) 'દેવરાની વારતા' (૨૦૦૫), (૯) 'હંસદેવની વારતા' (૨૦૦૫) (૧૦) 'અરવલ્લી લોકની વહી વાતો' (૧૯૯૨)

❖ **ગીતકથાઓ:**

(૧૧) 'ભીલ ગીતકથા : ખૂંતાનો રાજવી અને દેવોલ ગુઝરણ' (૨૦૦૦), (૧૨) 'ભીલ ગીતકથા''ઢોલા મારુણી' (૨૦૦૧) (૧૩) 'ભીલ કથાગીત : હપિયા દે હોખલી' , (૧૪) 'ભીલ કથાગીત : હોનોલ હોટી' (૨૦૦૨)

❖ **વાર્તા વિષયક:**

(૧૫) 'ભીલ ભજન વારતા : લાલુ અરિદા' (૨૦૦૩) (૧૬) 'ભીલ ભજન વારતા : રોમ દે' (૨૦૦૩), (૧૭) 'ભીલ ભજન વારતા : જગદે પરમાર' (૨૦૦૫)

❖ **લોકાખ્યાન વિષયક:**

(૧૮) ‘તોળી રાણીની વારતા’ (૧૯૯૨), (૧૯) ‘રૂપારોણીની વારતા’ (૨૦૦૨), (૨૦) ‘ગોપીચંદ ભરથરીની વારતા’ (૨૦૦૫) (૨૧) ‘આદિવાસી લોકાખ્યાનો’ (૨૦૦૯), (૨૨) ‘ભીલ લોકાખ્યાન : સતિયો ખાતુ અને હાલો હૂરો’ (૧૯૯૯)

❖ **મહાકાવ્ય વિષયક:**

(૨૩) ‘ડુંગરી ભીલોનો ગુજરાનો અરેલો’ (૧૯૯૩)(૨૪) ‘રોમ સીતામાની વારતા’ (૧૯૯૫)

(૨૫) ‘ભીલોનું ભારથ’ (૧૯૯૭) (૨૬) ‘વીરતાપ્રધાન ભીલ મહાકાવ્યો’ (૨૦૧૦)

(૨૭) ‘આદિજાતી મહાકાવ્યો’ (૨૦૧૦) (૨૮) ‘પૌરાણિક ભીલ મહાકાવ્યો’ (૨૦૦૯)

(૨૯) ‘ભીલ લોકમહાકાવ્યો : રાઠોર વારતા’ (૧૯૯૨)

❖ **વિવેચન વિષયક:**

(30) ‘શોધ સંપદા’ (૨૦૦૯)

❖ **અન્ય સંપાદન:**

(૩૧) ‘ડુંગરી ભીલ આદિવાસીઓ’ (૨૦૦૦) (૩૨) ‘આદિવાસી ઓળખ’ (૧૯૯૯)

(૩૩) ‘ગોરખવાણી’ (૨૦૦૫) (૩૪) ‘કબીર વાણી’ (૨૦૦૫)

(૩૫) ‘મારી લોકયાત્રા’ (૨૦૦૬)

**(૨) મફત રણેલાકર:**

મફત રણેલાકરનો જન્મ રણેલા ગામમાં (તા. બેચરાજી, જી. મહેસાણા) તા.૧-૦૫-૧૯૪૭ ના રોજ થયો હતો. તેમનું મૂળ નામ મફાભાઇ ચેલાભાઇ રબારી. તેમણે લોકસાહિત્ય ક્ષેત્રે લોકકથાઓ, સરજુકથાઓ, લગ્નગીતો અને રમૂજકથાઓનું સંપાદન કર્યું છે.

❖ **લોકકથા વિષયક સંપાદન:**

(૧) ‘રૂપેણ કાંઠાની લોકકથાઓ’ (૧૯૭૯) (૨) ‘રંગ છે ગઢવા’ (૧૯૮૦)

(૩) ‘રૂપેણની રસધાર’ (૧૯૯૧) (૪) ‘કુંવારા જીવતરના બલિદાન’ (૧૯૯૧)

(૫) ‘કુરબાનીના કફન’

❖ **સરજુ કથા વિષયક:**

(૬) ‘પાણા ઝાઝા ને પીર થોડા’ (૭) ‘એવા સતિયા કોક’ (૧૯૮૫)

(૮) ‘મડદા ઝાઝા ને મીર થોડા’

❖ **લોકગીત વિષયક:**

(૯) ‘સાગ-સીસમના ઢોલિયા’ (૨૦૦૭)

**(૩) કનુભાઈ આચાર્ય:**

કનુભાઈ આચાર્યનો જન્મ પાટણ જિલ્લાના સાંતલપુર તાલુકાના વારાહી ગામમાં તા. ૧૪-૧૦-૧૯૪૯ ના રોજ થયો હતો. તેઓ પોતાને ‘દિલ’ એવા ઉપનામથી ઓળખાવે છે. તેમણે લોકસાહિત્યક્ષેત્રે આપેલા સંપાદનો નીચે મુજબ છે :

(૧) ‘બનાસ દર્શન’ (૧૯૮૦) (૨) ‘ઉત્તર ગુજરાતની અસ્મિતા ગ્રંથ’ (૧૯૮૨)

(૩) ‘લોક હૈયા ભીનાં ભીનાં ભાગ-૧’ (૧૯૮૮) (૪) ‘બનાસ ગાઈડ’ (૨૦૦૦)

**(૪) માધવ ચૌધરી:**

માધવ ચૌધરી નો જન્મ મહેસાણા જિલ્લાના પુનાસણ ગામે તા.૨-૧-૧૯૬૦ ના રોજ થયો હતો. બાળપણથી જ આયુર્વેદ, લોકસાહિત્ય, સંપાદન અને સંપાદન એમના મુખ્ય રસના વિષયો રહ્યા છે. તેમના આશરે ચાલીસ જેટલા પુસ્તકો પ્રકાશિત થઇ ચૂકયા છે. તેમાં લોકસાહિત્ય વિષયક માત્ર એક સંપાદન તેમની પાસેથી મળી આવે છે.

❖ લોકસાહિત્ય વિષયક:

(૧) ‘રાતો રે રંગ કેવડો’ (૧૯૮૩)

**(૯) અમૃત પટેલ:**

અમૃત પટેલનો જન્મ તેમના મોસાળ સુણોકમાં(તા. સિદ્ધપુર) તા. ૦૭-૧૨-૧૯૫૬ ના રોજ થયો હતો. તેમણે એમ. એ., એમ.ફિલ., પીએચ.ડી. સુધીનો અભ્યાસ કર્યો છે. તેમણે લોકસાહિત્ય વિષયક આપેલા પ્રદાન નીચે પ્રમાણે છે:

- **લોકવાર્તા વિષયક:** (૧) 'સરસ્વતીને કાંઠે' (૧૯૮૫)
- **ઓઠા વિષયક:** (૨) 'આપણા ઓઠા' (૨૦૦૧)
- **લોકગીત વિષયક:**

(3) 'કંકુ રે વાયુ' (૧૯૯૨), (૪) 'મેંદી લાલ ગુલાલ' (૧૯૯૪), (૫) 'મું તો ઢોલે રમુ' (૧૯૯૫), (૬) 'ઝમરખ દીવડો' (૧૯૯૮)
(૭) 'આપણો ઉપેક્ષિત વારસો' (૨૦૦૩)

- **લોકગીત વિવેચન વિષયક:**

(૮) 'ચંપાની કળીઓમાં કસ્તુરી' (૨૦૦૧) (૯) 'લોકગીત એક અધ્યયન" (૨૦૦૧)

- **લોકકથા વિષયક વિવેચન:**

(૧૦) 'ઉત્તર ગુજરાતની લોકકથાઓ સ્વાધ્યાય અને સર્વેક્ષણ' (૨૦૦૮)
(૧૧) 'લોકકથા શાસ્ત્ર અને સંપાદન' (૨૦૧૧)

- **ઇતિહાસ-સંસ્કૃતિ:**

(૧૨) 'સૌરાષ્ટ્રના કડવા પાટીદારોનું માદરે વતન ઉમાપુર ઊંઝા' (૧૯૯૮), (૧૩) 'વેદકાળથી મા ઉમિયાની પૂજા અને પ્રાચીનનગર ઉમાપુર' (૧૯૯૮), (૧૪) 'રાજમાતા મહારાણી મીનળદેવી' (૨૦૦૩), (૧૫) 'આદ્યશકિત જગતજનની મા ઉમિયા' (૨૦૦૬)

(૧૫) પ્રાગજીભાઇ ભામ્ભી:

પ્રાગજીભાઇ ભામ્ભીનો જન્મ મલાસા ગામમાં (તા. ભિલોડા, જી. સાબરકાંઠા) તા. ૨૪-૦૩-૧૯૩૯ના રોજ થયો હતો. તેમણે બી.એ., એમ. એ. મુખ્ય વિષય ગુજરાતી સાથે પાસ કરેલ છે. લોકસાહિત્ય વિષયક એક માત્ર સંપાદન તેમની પાસેથી મળે છે તે પણ ફક્ત લોકગીત સંદર્ભે જ.

- **લોકસાહિત્ય વિષયક:**

(૧) 'ફૂલડાં વેણી વેણી થાળ ભર્યો' (૨૦૦૩)

**(૮) મુરાદખાન ચાવડા:**

મુરાદખાન ચાવડાનો જન્મ પેપોળ ગામમાં (તા.વડગામ, જી બનાસકાંઠા) માં તા .૧૩-૧૧-૧૯૪૨ ના રોજ થયો હતો તેમનું મૂળ નામ ચાવડા મુરાદખાન આમદખાનજી છે. તેમણે નોન મેટ્રિક સુધીનો અભ્યાસ કર્યો છે. તેમણે લોકકથા વિષયક આપેલા સંપાદનો નીચે પ્રમાણે છે:

- **લોકકથા વિષયક:**

(૧) 'ધાણધારનું ધાવણ' (૧૯૮૫) (૨) 'પાલનપુરના પાળિયા' (૧૯૯૬)

**(૧૩) નવજીભાઈ ડાભી:**

નવજીભાઈ ડાભીનો જન્મ સાંઢોસી (તા. દાંતા, જી. બનાસકાંઠા) ગામમાં તા. ૦૧-૦૬-૧૯૫૫ ના રોજ થયો હતો તેમનું પુરું નામ નવજીભાઈ માધાભાઈ ડાભી છે. તેમણે એમ. એ., બી.એડ્. સુધીનો અભ્યાસ કર્યો છે.

(૧) 'સોખલા ગરાસિયા આદિવાસીઓનાં લગ્નગીતો' (૨૦૦૧), (૨) 'સોખલા ગરાસિયાના હગ અને દેવરો' (૨૦૦૨), (૩) 'સોખલા ગરાસિયાના દિવાળી ગીતો અને વાતો' (૨૦૦૫)

(૧૪) રાઠોડ પ્રતાપસિંહ:

પ્રતાપસિંહ રાઠોડનો જન્મ પ્રાંતિજ તાલુકાના સીતવાડા ગામમાં તારીખ ૦૧-૦૬-૧૯૪૧ ના રોજ થયો હતો. તેમનું મૂળ નામ રાઠોડ પ્રતાપસિંહ હરિસિંહ છે. તેમણે એમ .એ., બી.એ. સુધીનો અભ્યાસ કર્યો છે.

- **વાર્તા સંગ્રહ વિષયક:**

(૧) 'જ્વારા' (૨૦૦૩)

**(૧૭) પ્રભુદાસ પટેલ:**

પ્રભુદાસ પટેલનો જન્મ રાજપુર ગામમાં (તા.વિજયનગર, જી. સાબરકાંઠા) તારીખ ૦૧-૦૬-૧૯૬૪ ના રોજ થયો હતો. તેમનું પૂરું નામ પટેલ પ્રભુદાસ રૂપાભાઈ છે. તેમણે પી.ટી.સી., એમ .એ. તથા પીએચ.ડી. સુધીનો અભ્યાસ કર્યો છે. તેમણે ડુંગરી ગરાસિયા જ્ઞાતિને કેન્દ્રમાં રાખીને સંપાદનો આપ્યા છે. જે નીચે પ્રમાણે છે:

(૧) 'અરવલ્લીની લોકસંપદા' (૨૦૦૯)

(૨) 'ડુંગરી ગરાસિયાઓ : સામાજિક, સાંસ્કૃતિક, લોકજીવન અને લોક વાઙ્મય' (૨૦૦૩)

**(૧૨) વિરચંદ પંચાલ:**

વિરચંદ પંચાલનો જન્મ મોટા ગામમાં (તા. પાલનપુર, જી. બનાસકાંઠા) તા.૩૦-૦૯-૧૯૪૨ના રોજ થયો હતો તેમનું મૂળ નામ વિરચંદભાઇ દલસારામભાઇ પંચાલ છે. તેમણે એમ. એ., બી.એડ્. સુધીનો અભ્યાસ કર્યો છે. તેમણે સોખલા ગરાસિયાના સંપાદનો નીચે પ્રમાણે છે:

❖ **લોકગીત વિષયક:**

૧) 'દાંતા તાલુકાના સોખલા ગરાસિયાના ગોઠિયા-ગોઠણનાં પ્રણય ગીતો' (૨૦૦૧)

૨) 'સોખલા ગરાસિયાના હોળી ગીતો' (૨૦૦૫) (3) 'સોખલા ગરાસિયાની વહી વાર્તા' (૨૦૦૫)

૪) 'ગરાસિયા લોકોત્સવ : ગોર' (૨૦૦૫)

**(૧૧) પ્રજ્ઞાબેન પટેલ:**

પ્રજ્ઞાબેન પટેલનો જન્મ વિસનગરમાં તા.૧૫-૧૧-૧૯૬૦ના રોજ થયો હતો. તેમણે એમ. એ., એલએલ.બી. સુધીનો અભ્યાસ કર્યો છે. મફતલાલ જેવા સંપાદકનો સાથ તેમને મળ્યો. આ બન્ને સંપાદકોએ સાથે મળીને 'ઉત્તર ગુજરાતની લોકવાર્તા' નામે સંપાદન ગ્રંથ આપ્યો.

(૧) 'ઉત્તર ગુજરાતની લોકવાર્તાઓ'

**(૧૮) પંકજ પટેલ:**

પંકજ પટેલનો જન્મ રાજપુર ગામમાં તા. ૦૧-૦૬-૧૯૭૯(તા. વિજયનગર, જી. સાબરકાંઠા) થયો હતો. તેમણે એમ. એ., બી.એડ્., પીએચ.ડી. સુધીનો અભ્યાસ કર્યો છે. તેમણે વિજયનગર તાલુકાના ડુંગરી ગરાસિયા અને કાથોડી એમ બન્ને જ્ઞાતિને કેન્દ્રમાં રાખીને સંપાદન આપ્યું છે જે નીચે મુજબ છે:

(૧) 'આદિવાસીઓના લોકગીતો'

**(૧૨) પ્રેમજી પટેલ:**

પ્રેમજી પટેલનો જન્મ તલોદ તાલુકાના ખેરોલ ગામમાં તા. ૧૧-૦૨-૧૯૫૫ ના રોજ થયો હતો. તેમનું મૂળ નામ પટેલ પ્રેમાભાઇ સોમાભાઈ છે. તેમણે એમ. એ., એમ.ફિલ., પીએચ.ડી. સુધીનો અભ્યાસ કર્યો છે. પોતાની લોકબોલીમાં લોકસાહિત્ય ક્ષેત્રે ત્રણ સંપાદનો આપ્યા છે જે નીચે મુજબ છે:

❖ **લોકવાર્તા વિષયક:**

(૧) 'ચૌદલોક' (૨) 'લોકણસ' (3) 'અમીલોક'

**(૧૬) પ્રાંજલિ પટેલ:**

પ્રાંજલિ પટેલનો જન્મ મકતુપુર ગામે (તા. ઊંઝા, જી. મહેસાણા) તા. ૦૪-૦૭-૧૯૮૩ ના રોજ થયો હતો તેમણે એમ. એ., બી.એડ્., પીએચ. ડી. સુધીનો અભ્યાસ કર્યો છે. પ્રાંજલિ પટેલ એ લોકસંપાદક અમૃત પટેલની દીકરી છે. બાળપણમાં પિતા પાસેથી મળેલા લોકવારસાનું મૂલ્ય જાળવીને તેને સંગ્રહિત કરીને પિતાને પગલે ડગ ભરતા ભરતા લોકસાહિત્ય ક્ષેત્રે પ્રયાણ કર્યું છે. તેમણે આપેલા સંપાદનો નીચે પ્રમાણે છે:

(૧) 'સૂર્યલોક' (૨૦૦૭) (૨) 'ચંદ્રલોક' (૨૦૦૮)

(૩) 'લોકવાર્તા સ્વરૂપ-વિમર્શ' (૨૦૦૩)

**સંદર્ભ સૂચિ:**


૧. **'ઉત્તર ગુજરાતના લોકસાહિત્યનું સંશોધન-સંપાદન: એક અભ્યાસ'**, પીએચ. ડી. સં. મકવાણા નમ્રતા કે. (હે.ઉ.ગુ.યુ.), રજી.નં. ૦૦૧૬૮૪, ૨૦૧૬.

૨. **'ઉત્તર ગુજરાતની લોકકથાઓ: સ્વાધ્યાય અને સર્વેક્ષણ'**, સં. ડૉ. બળવંત જાની, અમૃત પટેલ, અંબાદાન રોહડિયા, પ્રકાશક: પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, આ. ૨૦૦૮.

૩. **'ગુજરાતી લોકસાહિત્ય વિમર્શ'** સં. ડૉ. બળવંત જાની, પ્રકાશક: પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, પ્ર.આ. ૨૦૧૦.

૪. **'ભીલી સાહિત્ય: કૃતિ અને સંસ્કૃતિ'**, સં. દીપક પટેલ, પ્રકાશક: ડિવાઈન પબ્લિકેશન, ગાંધી રોડ, અમદાવાદ, આવૃત્તિ.૨૦૦૯.

૫. **'મારી લોકયાત્રા'**, સં. ભગવાનદાસ પટેલ, પ્રકાશક: નમન સૂર્યાનંદ લોક પ્રતિષ્ઠાન, મુંબઈ, આ. ૨૦૦૬.